# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

સત્તા અને સાહ્યબીમાં જ નેતાઓ મશ્ગૂલ છે
'પદ વિના સેવા નહીં' એ સમજમાં ભૂલ છે
મશગૂલ છે બધા 'મતકારણ'ની મસ્તીમાં -
સેવાની સુગંધ વિનાનાં એ જંગલી ફૂલ છે

## હાઇકુ

કરોડો ખાધા!
સંત સરોવરનું
પેટ તો ખાલી!
(હવે દરવાજાવાળું!!)

તૂટેલાં તંત્રે
'ખાનગીકરણ' એ
છે મોદી - મંત્ર
(રિવરફ્રંટ, બોટ, વગેરે)

## ચિંતન

**સ્વફલ નિચય શાખાભંગં કરોતિ વનસ્પતેર્ગમન મલસં બર્હાટોપઃ કરોતિ શિખંડીનઃ ।**
**ચતુર ગમનો જાત્યો યો અશ્વઃ સ ગૌખિ વાહ્યતે ગુણવતિ જને પ્રાયેણૈતિ ગુણાઃ ખલુ દૂષણમ્ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે :

જેમ ફળોથી લાદેલી વૃક્ષાની ડાળી તેના (પાકેલાં ફળો) પોતાનાં ભારથી જ ભાંગી જાય છે.

મોરની પાછળ ભરાયેલો પોતાનાં જ પીછાંનો ભાર તેની પોતાની જ ગતિને જેમ ધીમી પાડી દે છે તેમ, અને જાતવાન-ગતિવાન ઘોડાને કોઈ વજનદાર બગીમાં બળદની જેમ જોડવામાં આવે ત્યારે ખરેખર માણસ ગુણવાન હોય છતાં પણ એને પોતાને જ માટે હાનિકારક બની જતા હોય છે.

આપણા માનનીય મુખ્યમંત્રીએ એમની કલ્પના પ્રમાણે કદાચ વિકાસ કર્યો પણ હશે, મેં ઉદ્યોગપતિઓની સહાયને ખેડૂતોના શોષણના ભારથી એમનાં કાર્યોની ડાળીઓ તૂટી જાય છે. તેમનાં મંત્રાલય, સચિવાલયમાં થોડા સારા સજ્જનો પણ હશે પણ આની ધાકધમકી હુંકારમાં તેમની ગતિ અવરોધાય છે.

ભલે ગુણવાન-કાર્યકૌશલ હોવા છતાં સ્વભાવ, હું પદ ન અભિમાનથી માણસનું પતન થાય છે.

## સુવિચાર

- કવિ હૃદય એટલે માનવતા, આત્મીયતા, લાગણીઓનો ઉકળતો જવાળામુખી- **ક.મા.મુન્શી**
- કોઇ પણ સ્ત્રીને ફાંસીની સજા થઇ હોય ત્યારે પણ તેની અંતિમ ઇચ્છા પોતાના શણગાર માટે થોડી ક્ષણોની માગણી જ હશે - **કેમ્ફર્ટ**
- સરળતાથી મળતી દુર્જનની કૃપા મેળવવા કરતાં, કષ્ટ વેઠીને પણ સજ્જનનું સાનિધ્ય કેળવવું - **યાસીગો**
- એક વાત દરેક બાબતમાં પ્રેરણારૂપ છે કે 'આગળના વળાંક પર જરૂર કંઇક મળશે'- **રફાત**
- જે માનવી સદાય બીજાનો વિચાર કરી બીજા માટે જીવે છે તેને કદાપિ નિરાશા મળતી નથી - **ટોલ્સટોય**
- જીવનમાં સુખશાંતિ જોઇએ તો જે મળ્યું છે એમાં સંતોષ રાખો ઉધાર લેવામાં, આપવામાં અશાંતિ જ છે - **વિક્ટર હ્યુગો**
- જેને પોતાના ઘરમાં શાંતિ મળે તે સુખી, પછી તે રાજા હોય કે રંક - **ગેટે**

## બોધ કથા

પાનસિંગ તોમર, એક મક્કમ મનોબળથી વિશ્વ ઓલંપિક સુધી પહોંચ્યો. મ્યુ.ના દીવા નીચે ભણેલા મહાન નેતા થઇ શકે છે. મહેસાણાની દિકરી મંગળ પર જઇ શકે છે. મજબૂત મનોબળ અને મક્કમ નિર્ણય જરૂરી હોય છે.

સેમ્યુઅલ બેકેટ વિશ્વના ઉત્તમ સર્જક થયા. તે પહેલાં ૧૯૪૭માં એમને ગાલ નીચે દાઢની બાજુમાં નીચે એક ગાંઠ નિકળી. તબીબોનો અભિપ્રાય લીધો એ જમાનામાં 'કેન્સર એટલે કેન્સલ' નું સૂત્ર જાણીતું હતું. ટાંચા વૈજ્ઞાનિક સાધનો અને દવાઓ એમાં કારણભૂત હતી.

ડોકટરોએ સાચી ભવિષ્યવાણી કરી. બસ, હવે બહુ-બહુ તો બે વર્ષ.. ૧૯૪૯ પછી...

સેમ્યુઅલના મનમાં - લેખન માટે કેટલાય મુદ્દા અને વિચારો મનમાં કેન્સરની ગતિએ જ વિકાસ કરતાં હતા. બે વર્ષ સુધી સતત 'લખ-લખ' કર્યું અને પાંચસો પાનાનો એક મહાન દસ્તાવેજી પુસ્તક તૈયાર કર્યું. એમનાં મનને સંતોષ થયો. મારે જે કહેવું - લખવું હતું એ બધું જ મેં લખી નાખ્યું. ૧૯૫૦માં એમણે કેન્સરની ગાંઠનું ઓપરેશન કરાવ્યું તે પછી પણ સાત વર્ષ જીવ્યા અને સર્જન કર્યું.

વિવેચકો કહે છે કે ૧૯૪૭ થી ૧૯૪૯ માં જે કંઇ સર્જન થયું તે ઉત્તમ હતું.

# ડૂબો... લેકિન સબ કો લેકે...

## કોઇ વસ્તુ, વેપાર કરવાનો નહીં, ફક્ત એકને 'ટોપી' પહેરાવવાની અને 'ટોપી'ની ચેઇન તુટી તો પોતાની સાથે સૌ સગાં સાથે ડૂબવાનું

### Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

લોકોને ઠગવા માટેની ચેઇન સ્કીમ એ નવી યોજના નથી, પણ અમુક વખતે વળી પાછી અચાનક માર્કેટમાં આવી જાય છે... યુવાન અને પૈસા કમાવવાનાં શોર્ટકટ સોધતા લોકો બહુ જલ્દીથી આમાં ભરાઇ જાય છે... આ સ્કીમનો વેપાર એવો મસ્ત છે કે જો સાંભળ્યાં પછી એમાંના ફસાઇએ તો જ નવાઇ. કોઇ વસ્તુ વેચવાની નહીં, કોઇ વ્યાપાર પણ કરવાનો નહીં. બસ, એક ને 'ટોપી' પહેરાવવાની અને પછી એ બીજાને, બીજો ત્રીજાને પહેરાવશે અને રૂપિયાનો વરસાદ થશે, પણ જો આ ચેઇન તુટી ગઇ તો આપણે તો ડુબીશું જ પણ આપણાં સગાંવહાલાં મિત્રોને પણ આપણે ડુબાડી ચૂક્યાં હોઇશું!!

હવે આ જરા મજાની સ્કીમ જુઓ. બે હજાર જેટલા મામુલી રૂપિયા ભરીને સભ્ય બનવાનું. એક ફોર્મ ભરવાનું એનામાં બધી આપણી વિગતો લખી એ કંપનીને મોકલી આપવાનું. કંપની આપણને બીજા ચાર ફોર્મ મોકલી આપશે. ફોર્મ મોકલતી વખતે આપણે બે હજાર રૂપિયાનું ઇન્વેસ્ટમેન્ટ કરવાનું છે, એ રકમ કંપનીને મોકલવાની નથી પણ આપણી એન્ટ્રી જેવા દ્વારા થઇ છે એ જ આપણને એક યાદી આપશે એનાં પ્રથમ તબક્કા વાળાંને પાંચસો, બીજા સ્ટેજવાળાને સો, ત્રીજાને દોઢસો, ચોથાને બસો, પાંચમા વાળાને બસો ચાલીસ અને છઠ્ઠા વાળાને ૬૬૦ મોકલવાનાં એટલે કુલ ૧૮૫૦ રૂપિયા આપણે આપણાં પહેલાં મુરખ બની ચૂકેલાનાં મોકલવાનાં અને વધેલા ૧૫૦ રૂપિયા કંપનીને મોકલી આપવાનાં... સારૂં આ બધાં રૂપિયા ડીડી અથવા ચેકથી મોકલવાનાં હોય છે. એટલે રૂપિયાની એન્ટ્રી વ્યવસ્થિત થાય!!



આ બધાં રૂપિયાનો વ્યવસ્થિ હિસાબ થાય. રીતસર અને એક નંબરમાં થતો વ્યવહાર એટલે આપણો વિશ્વાસ પાક્કો બેસે જ... એકવાર આપણે આ કંપનીની યોજનાની જાળમાં ફસાયાં એટલે આપણે પણ નવી નવી માછલીઓનાં ગળામાં ગાળીઓ નાંખવાનાં અને ભરાવવાનાં... જયાં સુધી આપણા ભરેલાં બે હજાર નીકળતાં નથી ત્યાં સુધી તો આપણે નિશ્ચિત મુરઘાઓને ફસાવવાંનાં જ!! હવે ધારો કે, આપણે ચાર જ માછલીઓને ફસાવીએ અને એ ચાર આગળનાં ચાર જણને એટલે કે ૧૬ જણાં ભરાયાં... આગળનાં સ્ટેજ પેલાં ૧૬ જણ ચાર-ચાર ને આ સ્કીમ પહેરાવશે એટલે ૬૪ મુરખાઓ ભેગાં થયાં, એ ૬૪ પછી ૨૫૬ બનશે, અને એમાંથી ૧૦૨૪ જણાં માલદાર થવાનાં સ્વપ્ના જોશે અને છઠ્ઠા સ્ટેજે તો આ સમૂહ ૪૦૯૬ એ પહોંચશે... આમ આ આખી એક ચેઇન બનશે, હવે તમે કેટલાં માલદાર બનશો એ પણ જુઓ!!

આપણે બે હજારની રકમ ભરીને આપણાં ચાર ખટપટીયા એકદમ એક્ટિવ એવાં ચાર સાથીદારોની સહાયથી ગૂંથેલી આ ચેઇનમાં છઠ્ઠા સ્ટેજ પર પાક્કા ૪૦૯૬ લોકો લાળ ટપકાવતાં ભેગા થયાં હોય છે. અને આ બધાં આપણને અઘઘઘ એવાં ૨૭,૦૩,૩૬૦ (સત્તાવીસ લાખ ત્રણ સો સાંઇઠ પુરા) રૂપિયા કમાવી આપે છે... આમ તો આનાં પર વિશ્વાસ ના બેસે એવી વાત છે, પણ આ કોષ્ટક જ આવું બધું સ્પષ્ટ કરે છે. મહત્ત્વની વાત એટલે આટલાં બધાં રૂપિયાં કમાવવાં આપણે નોકરી-ધંધો છોડ્યા વગર, ટાઇમ બગાડ્યા વગર માત્ર બે હજાર રૂપિયા અને ચાર સારાં ટીમ મેમ્બર (રૂપિયાનાં લોભી હોય એવાં) ગીતો કાઢી એમને સભ્ય બનાવી આપણે લાળ ટપકાવતાં બેસી જવાનું, સાવ સહેલું કામ, ખરું ને??

આટલાં ઓછા રૂપિયા અને ઓછાં પરિશ્રમમાં અશક્ય દેખાતી વાત અને લાભ આપણને મળે તો કોઇ વીરલો આવી માયાજાળમાંથી છટકી શકે? હવે આ કહેવાતી કંપનીને પણ કોઇ જ શ્રમ - પરિશ્રમ ના કરતાં છ લાખ ચૌદ હજાર ચારસો રૂપિયાનો લાભ મળશે... બસ થોડાંક લોકોને ધંધે લગાડીને પોતે સો ટકા પ્રોફીટનો ધંધો કરવા લાગશે...'સર્વેથી સુખીના સન્તુ' આ આપણાં પ્રાચીન તત્ત્વજ્ઞાનને સાર્થક કરતી વાત એટલે સર્વેનું કલ્યાણ થાઓ, આવી આ સ્કીમ જેમાં સર્વનો સમાવેશ, વિચારોની પારદર્શક્તાની પ્રણાલી છે. હવે જો કોઇનાં સ્કીમમાં ફીટ થાય તો એમાં આશ્ચર્યનું કોઇ કારણ જ નથી, કંપનીને જો એક જ ચેઇનમાં આટલો લાભ થાય છે તો આવી તો અનેક ચેઇન દેશમાં ફરતી હોય છે એટલે કંપનીની તિજોરીમાં કેટલાં રૂપિયા છલકાતાં હશે એની કલ્પના જ કરવી રહી!!

એક જ વખતનાં રોકાણથી ઇન્વેસ્ટમેન્ટને લાખોપતિ અને કંપનીને કરોડપતિ કરનારી આ યોજના લોકોને આકર્ષે નહીં તો જ નવાઇ. બધાં વ્યવહાર ચેકથી અને ડી.ડી.થી, જયાં આ કંપનીની ઓફિસ હોય ત્યાં એની નોંધણી દુકાન અને વ્યવસાયનાં કાયદા નીચેના પ્રમાણપત્રોનાં આધારે આ યોજના સરકાર માન્ય છે એવું કહી લોકો સમક્ષ મુકવામાં આવે. આ વ્યવહારમાં કંઇ જ ગેરરીતી કે ચિંટીગ નથી એવું લોકોના મગજમાં ઘુસાડવામાં આવે. કેટલાંક ઠેકાણે આ યોજનાથી શિક્ષિત બેરોજગારને 'સ્વરોજગારીની સુવર્ણ તક' ના ટાઇટલ હેઠળ છેતરવામાં આવે છે. ડી.ડી. અને ચેક ભરવા માટે બેંકમાં ખાતું ખોલાવવું પડે અને આ ખાતાનો ઉપયોગ રાષ્ટ્રીય બચત વધારવાં માટે થશે અને આપણને એમાંથી રાષ્ટ્રની સેવા કરવાનું ગૌરવ મળશે એવુંય ઠસાવવામાં આવે!!

આ સ્કીમોમાં કોઇ વસ્તુ વેચાતી નથી, કોઇ વેપાર થતો નથી, કોઇ પ્રમાણપત્ર કશું જ નહીં, ખોખલી અને રેતીથી ચણાયેલી આ ઉત્પાદનની ઇમારત કેટલોક સમય ઉભી રહે છે અને એકાદા સ્ટેજ પર આ ચક્ર થોભી જાય છે, ચેઇન તુટી જાય છે, રૂપિયા આવતાં બંધ થાય છે, જે પહેલો હતો તે કદાચ સારૂં એવું વળતર મેળવી ચૂક્યો હોય છે, નેતાની જેમ જ સ્તો... પણ પછી નીચેનાં ઉતરતાં ક્રમમાં નરી છેતરામણી થાય છે, જેમની સંખ્યા હજારોમાં હોય છે, લોભની દીવાલ ધરાશાહી થાય છે, અને બબ્બે હજારનો ચૂનો લગાવી ચૂકેલાં લોકો પાસે પસ્તાવા સિવાય કશુંય બચતું નથી!!

આ સ્કીમ જ એવીછે કે તમે કોઇનો વાંક કાઢી શકતા નથી, કંપની એ જ વાત પર અડી રહે છે કે ચેઇન તુટે એમાં અમારો શો વાંક? જો બધાં વ્યવસ્થિત આ ચેઇન આગળ ચલાવે તો તમને રૂપિયા મળે જ... સરવાળે ગ્રાહકને લૂંટાયાનો ખ્યાલ આવે છે અને ત્યારે ઘણું મોડું થઇ ચૂક્યું હોય છે. ઘણીવાર બે હજાર જેવી રકમ માટે કોઇ ખાસ પાછાં મેળવવામાં ધમપછાડાય કરતું નથી, આવ્યાં તો સારૂં નહીં તો કાંઇ નહીંની માનસિકતા પેલી કંપનીને માલદાર બનાવે છે... જે સ્ટેજ પર અટકેલાં લોકો પોતે તો ડુબે જ છે પણ અન્યોને સાથે લઇને જ ડુબે છે. ઉપરનાં સ્ટેજે પહોંચી પોતાના ખીસ્સા ભરનારાં બિરાદરોનો એમનો ફાયદો બીજાની ઘાત કરવાનાં કારણ બને છે!!

ચેઇન સ્કીમ દ્વારા આપણી આજુબાજુ ફરકતાં લોકોને સાવધ કરી આવી ચૂંગાલમાં ના ફસાય એવું ધ્યાન દોરવું એ જ શ્રેષ્ઠ માર્ગ છે, કારણ કંપની આ આખાય મામલામાં આમ જોવા જાવ તો કાયદાકીય રીતે ફસાતી નથી... ચેઇન સ્કીમ દ્વારા ખુબ જ મોટો આર્થિક ફાયદો બતાવી એમાં વ્યક્તિ છેતરાય નહીં એ માટે સરાકરે ૧૯૭૮માં આવી સ્કીમો પર પ્રતિબંધ મુકેલો અને એ ખરેખર અમલમાં આવે એ માટે પ્રાઇઝ, ચીટ્સ અને મની સર્ક્યુલેશન સ્કીમ - બેન નામનો એક સ્વતંત્ર કાયદો ૧૯૭૮માં કરેલો અને તોય હજી પણ આ સ્કીમો ક્યારેક ક્યારેક પાછી ફરતી થઈ જાય છે... હમણાં જ એક મિત્રનાં ઘરે આવેલાં એના મિત્રએ આવી સ્કીમની વાત કરતાં આ મુદ્દો લેખ દ્વારા છેડી જનજાગૃતિ કરવાનો એક પ્રયાસ કર્યો છે... બાકી લખવતી થવાં બે હજાર ખર્ચી ભરાવવું કે નહીં નહીં એ તમારો નિર્ણય છે...

**ચૂંટલો :**

ઓછા ખર્ચે ધનવાન બનાવતી સ્કીમોમાં જે લોકોને આપણે મેમ્બર બનાવીએ છીએ એ આપણાં સગાં કે મિત્રો હોય છે, એમને છેતરી આપણાં ખિસ્સાં ભરવાની આ છેતરામણી સ્કીમોમાંથી પૈસાનું ધોવાણ અને પશ્ચાતાપનાં આંસુ સિવાય કશું હાથ લાગતું નથી.

# અમથાલાલ સાનમાં તમે સમજો તો સારૂં છે, બાકી તો ધાર્યું ધણીનું થાય છે, એ કહેવતની તો તમને ખબર જ હશે... કયાં સુધી માપ્યા કરશો તમારા વામન કદથી વિરાટ ધરતીને

### નવાં ક્લેવર

- નટવર હેડાઉ

એક હતા અમથાલાલ. આપણી આજુબાજુ આવા અમથાલાલો અનેક હોય છે. તેમને જાત જાતનાં તુક્કા સુઝે ત્યારે એ અમથાલાલો મુંગેરીલાલની જેમ હસીન સપનાંઓ જોવા લાગતાં હોય છે.

આપણા અમથાનું પણ એવું જ. અમથાને એક દિવસ અન્ના થવાનું મન થયું. શહેરમાં તો તેનું કોઈ સાંભળે નહીં, તેથી જંગલમાં પોતાનો જાદુ બતાવવા એ નીકળી પડ્યો. જંગલનાં પ્રાણીઓ મુંગા, તેની સામે બોલી શકે નહીં, કદાચ એ તેમની મજબૂરી પણ હોય. તેથી અમથાને ફાવતું મળ્યું. જંગલની ફરતે જે.સી.બી.થી રસ્તો બનાવવાનું તેણે નક્કી કર્યું. જંગલના રાજાને પૂછ્યા વિના, પૂછે તો જંગલનો રાજા કંઈ જંગલને નુકશાન થવા દે ખરો?

અમથો અમેરિકા જઈ આવેલો. તેણે ત્યાં ઘણાં મોટા મોટા મૉલ જોયેલા. મૉલ કલ્ચરથી એ ખુબ પ્રભાવિત હતો. યંત્રના મંત્રથી તે ત્રાહિમામ કરવાનું તેણે બીડું ઝડપ્યું હતું. મોર્નિંગથી ઈવનિંગ સુધી જંપીને બેસે જ નહીં. કારણ કે, અમથો જંગલને મૉલ કલ્ચરમાં ફેરવવા માંગતો હતો. તે માટે જંગલના રાજા પાસે તેણે વનપાલ બીલની જગ્યાએ વન લોકપાલ બીલ માટે રીતસર આંદોલન શરૂ કર્યું. તેમાં એ જંગલના રાજા સાવજ ઉપરાંત વાઘ, દીપડા, હરણ અને સસલાંથી માંડી ઉંદર સુધીના ને તેના ફાસલાંમાં લાવવા માંગતો હતો. પણ એક મોટી સમસ્યા તેની સામે હતી. અન્ના થવા માટે ઉપવાસ કરવા પડે. અમથો ખુબ ખાઉંધરો. તેણે ખાયકીથી દેલવાડાના દેરાં જેવો કરોડનો મહેલ બનાવેલો. હવે સો ચુહે મારકર બિલ્લી હજ કો ચલી, જેવો ઘાટ હતો. ફૂલ છોડની ખરીદીમાં પણ અમથો ઉપરવાળાને ફૂલ (મૂર્ખ) બનાવે છે. દશ રૂપિયાના છોડ પંદરમાં ખરીદી લાવે છે. આપણો આ અમથો અક્કલનો એવો ઓથમીર છે કે જે ડાળ પર બેસે છે તેને જ કાપવા મશે છે. પણ ભાઈ એ તો કવિ કાલીદાસ કહી શકે. અમથાલાલ નહીં. અમથો તો પડવા માટે પોતે જ ખાડો ખોદે છે. અને પછી ચોરની માંની જેમ બુલો પાડે છે માં મને બહાર કાઢ. ત્યારે ચોર કોટવાળને દંડે એવો તેનો ઘાટ થાય છે.

આપણો અમથો પાછો વર્કકર્ણ છે તેથી સાચું સાંભળવાની તેને તકલીફ છે. અને એકાક્ષી હોવાથી એક જ બાજુ જોઈ ચાલ્યા કરે છે. તેથી જયાં ત્યાં ભટકાઈ પડેછે. તેને જંગલનાં બધા પ્રાણીઓમાં કંઈ ને કંઈ એબ દેખાય છે. પણ તેને કોઈ કહે કે અન્યનું તો એક વાંકુ આપના અઢાર છે. કદાચ દલપતરામની કવિતા એ નહીં ભણ્યો હોય. ઠીક છે મારા ભાઈ વાઘને કોણ કહે કે તારૂં મોં ગંધાય છે.

પેલી કહેવત છે ને કે વાડ જીભડાં ગળે પણ અહીં આપણો અમથો વાડે રૂપિયા ગણવા આંટા મારે છે પણ એ મળે નહીં ત્યારે અકળાઈને જે મળે તેને વડચકાં ભરે છે. અમથાના મગજમાં શંકાનો કીડો સળવળે છે. આમ તો મગજ ખોઈ દીધા પછી આવું જ બધું થતું હોય છે. તે સવારથી સાંજ હાંફળો ફાંફળો જંગલમાં આંટા માર્યા કરે છે. જંગલનું કયું પ્રાણી કયાં જાય છે, શું કરે છે, તેનું ધ્યાન રાખવા મથે છે. કેમ કે, તે કોઈએ કહ્યું છે કે ફરે તે ચરે ને બાંધ્યું ભૂખે મરે. જો કે જંગલમાં એવી ચર્ચા ચાલે છે કે અમથાને જૉન્ડીસ થયો છે. એવું હોય તો તેણે તેની દવા કરવી જોઈએ. જંગલમાં વિકળાનાં ઝાડ ઘણાં છે. તે પીળીયાનો અકસીર ઈલાજ છે. પણ જંગલનું એક લુચ્ચું શિયાળ તેને ઉપવાસનાં પારણાં કરવામાં લીંબુ પાણીની જગ્યાએ સોમરસ પીવડાવે છે. જેથી અમથો ઘણી વખત ભાન ભુલી ઍલફૅલ બોલવા લાગે છે. મર્કટને ડાળ મળે પછી ઝુલવા ન લાગે તો બીજું થાય શું. અમથો અમેરિકાના પ્રાણી સંગ્રહાલયમાં એનાકોન્ડા જોઈ આવ્યો છે ત્યારથી બધું જ આખે આખું ગળી જવાની ફિરાકમાં ફર્યા કરે છે. પણ જંગલનો રાજા સિંહ જયાં સહેજ ડણક દે ત્યાં એ મીંયાની મીંદડી બની જાય છે.

જંગલના દરેક કામમાં અમથો ભાણીયા, ભત્રીજા કે વેવાઈને ખટાવવા મથે છે. પણ અન્નાને ઉપવાસ કરવા મોકળું મેદાન મફતમાં નથી મળતું તો અમથાને કયાંથી મળે? પણ જંગલને અમથો મેદાનમાં ફેરવવા બેઠો છે. તે માટે ઝાડી-ઝાંખરાને ખેદાન મેદાન કરે તેવું એક મશીન પણ એ ખરીદી લાવ્યો છે, અને પોતાનું કામ તો એણે શરૂ પણ કરી દીધું છે. પણ પેલી કહેવત છે કે,સારા કામમાં, સો વિઘન અને ખરાબમાં ખાટલે મોટી ખોડ. હવે અમથાને જયારે આ બધું સમજાતું નથી ત્યારે આંટાફેરા કરતો થઈ ગયો છે. અમથો આમ તો બાડો છે અને પેલી કહેવત છે કે, બાડો બત્રીસ લક્ષણો હોય છે, પણ આનામાં તો ત્રેત્રીસમું લક્ષણ પણ છે. તે હંમેશાં બીજાને ખભે વજન મુકીને નિશાન લગાવવાની કોશિષ કરે છે. તેમાં તેને એક ખેડૂ અને એક પશુપાલક મળી ગયા છે. જુઓ આ પથ્થર નીચે રાજા વિક્રમનું સિંહાસન આવેલું છે. તમારે તટસ્થ ન્યાય કરતાં શીખવાનું છે. ચિંતા ન કરો મારું પલ્લું હું પકડી રાખીશ. નમવા નહીં દઉં છતાં લોકોને લાગશે કે વાહ, ભાઈ કહેવું પડે! જબરો ન્યાય તોળ્યો હો!

આપણા અમથાલાલે એટલું સમજવું જોઈએ કે કોલસાની દલાલીમાં હાથ કાળા થયા વિના રહેતા નથી. ત્યારે અમથાલાલે પાણીમાંથી પોરા કાઢવાનું શરૂ કર્યું છે. જંગલમાં રાહ જોવાઈ રહી છે કે દિશા અને દશા કયારે બદલે છે. પરિવર્તન એ તો દુનિયાનો નિયમ છે. ચોમાસાનાં દેડકાંની જેમ ગંદા પાણીમાં છબછબીયાં કરવાનું છોડી હવે બહાર આવો તો કંઈક દેકાય અને સત્ય સમજાય.


અમથાલાલ તમને ખબર છે અહીં નિયમ અને ધારા ધોરણોની ચરણ પાદુકાઓ રાજ સિંહાસન પર મુકીને રામરાજય ચાલી રહ્યું છે તેમાં ધુતારા ધોબીનું પાત્ર ભજવવાનું બંધ કરો. કેમ કે, હવે તો અન્ના એ પણ તેની ટીમ વિખેરી નાંખી છે. રામદેવ, બાબા યોગ મુકીને ભોગ ભોગવવા આવેલા, તેના ભોગ લાગતાં ભાગી ગયા છે. કેજરીવાલ અને કિરણ વચ્ચે વાંધા પડી ગયા છે. ત્યારે અમથાલાલ સાનમાં તમે સમજો તો સારૂં છે. બાકી તો ધાર્યું ધણીનું થાય છે, એ કહેવતની તો તમને ખબર જ હશે... કયાં સુધી માપ્યા કરશો તમારા વામન કદથી વિરાટ ધરતીને. માથું ગમે તેટલીવાર અફળાવશો વાગ્યા વિના રહેવાનું નથી જ. તેથી અંગત પૂર્વગ્રહો છોડો. સત્ય ને કયારેય છાબડીમાં ઢાંકી શકાતું નથી. તે સ્વયં પ્રકાશિત હોય છે. અંધકારની આવરદા કયારેય વધારે હોતી નથી. જોયું ને તમે દમણીયું લઈને નીકળેલા અને સિપાઈઓએ પકડેલા ત્યારે તેની સામે કાદવ ઉછાળવા જતાં માર તો તમને જ પડેલો ખરૂંને.

vanvihari@gmail.com

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

### ૨૯મી ઓગષ્ટ



- ગુજરાતના પ્રથમ મુખ્યપ્રધાન ડો. જીવરાજ મહેતાનો જન્મદિન - ૨૯-૮-૧૮૮૭.

  કેળવણીકાર, જલિયાવાલા બાગ હત્યાકાંડ તથા અસહકારની ચળવળના અગ્ર સૈનિક સયાજીરાવ ગાયકવાડના અંગત તબીબ અધિકારી, ૧૯૬૦માં પ્રથમ મુખ્ય પ્રધાન ૧૯૬૪ થી ૬૬ લંડનમાં ભારતીય રાજદૂત, સામભાવ-નિખાલસ વ્યક્તિત્વથી લોકપ્રિય નેતા.
- ચિંતક - લેખક જહોન લેકનો જન્મ - ૧૬૩૨.
- મુકેશચંદ્ર માથુર - ભારતીય ફિલ્મોના જાણીતા પાર્શ્વ ગાયકનું અમેરિકામાં અવસાન - ૧૯૭૬.
- વિદ્વાન ભાષાશાસ્ત્રી ડોલરરાય માંકડનું અવસાન.
- ૨૯-૮-૧૯૧૬ એક્સ-રે શોધ થઇ.
- ૧૯૯૫ થી હોકીના જાદુગર ધ્યાનચંદના જન્મદિન ૨૯મી ઓગષ્ટને રમતગમત દિન તરીકે ઉજવવાનું નક્કી થયું.

# ઉત્સાહથી બોલાયેલો વખાણનો બોલ કોઇને જિંદગીભર સહારો પુરો પાડી શકે છે

### પારિજાત

- રેખા ભટ્ટ

"સાત સમંદર તરવા ચાલી
જયારે કોઇ નાવ એકલી
ઝંઝા બોલી. 'ખમ્મા ખમ્મા!'
હિંમત બોલી - અલ્લા બેલી."

**- શૂન્ય પાલનપુરી**

આપણો સાચા મનથી બોલાયેલો શાબાશીનો એક શબ્દ કોઇની જિંદગીમાં ચમત્કાર સર્જી શકે છે. ઉત્સાહથી બોલાયેલો વખાણનો બોલ કોઇને જિંદગીભર સહારો પુરો પાડી શકે છે.

નાનાં બાળકોનાં વર્તનથી આપણે સૌ વાકેફ છીએ. એમને બધું જ કામ જાતે કરવું હોય છે. પોતે નાનાં હોવાથી થોડું અણઘડ રીતે કરતાં હોય છે. પણ એમનામાં જે સૂઝ હોય છે તેને આપણે જોઇએ તો આશ્ચર્ય થયા વિના ના રહે. મોટે ભાગે બાળકોને ધમકાવવામાં આવે છે કે હડધૂત કરવામાં આવે છે. અથવા તને સમજણ ના પડે કહી ચૂપ કરી દેવાય છે.

બાળક આપણું માન સાચવવા કે આપણાથી ડરીને પોતાની પ્રવૃત્તિ અટકાવી દે છે. પણ તેનાથી તેનો આત્મવિશ્વાસ ઘટતો જાય છે. બનાવેલું એનાં કરતાં એણે દોરેલું નાનકડું ચિત્ર કે એમે નાનું માટીનું રમકડું કે નાનકડો પ્રયોગ - જે કંઇ પોતાની સૂઝ - સમજથી બનાવ્યું હોય તેનાં વખાણ કરવામાં આવે તો તેનામાં આત્મ વિશ્વાસ કેળવાય છે.

જે કામ ડર કે લાલચ નથી કરી શકતું તે કામ થોડાં અમસ્તાં વખાણ કે શાબાશીથી થાય છે. બાળકમાં ગજબનો આત્મવિશ્વાસ આવી જાય છે. ગભરાટ દૂર થાય છે.

નાનાં કે મોટાં સૌને જરૂરી થઇ પડે છે એપ્રિસિએશન. થોડોક સહારો. થોડીક સારી સારી વાતો. ઉત્સાહ વધારે તેવી આપણી હકારાત્મક પ્રતિક્રિયા. સામેની વ્યક્તિ ઉપર તેની ખૂબ ઊંડી અસર થાય છે.

સૌને વખાણ ગમે છે, પોતે કરેલા કામની કદર ગમે છે. અને કેટલાક કિસ્સામાં તો ખોટાં ખોટાં વખાણ કરવામાં આવ્યાં હોય તો પણ તેનાંથી નાસીપાસ થઇ ગયેલી વ્યક્તિમાં આત્મવિશ્વાસ ઊભો થાય છે અને તે વ્યક્તિ સફળતા મેળવે છે તે આપણે જાણીએ જ છીએ.

આઇ.કે. વિજળીવાળાના પુસ્તકમાં એક નાનકડી વાર્તાનો આવો જ કંઇક સૂર છે.

એક બિઝનેશમેન ઊંડા દેવામાં ડુબી ગયો હતો. લેણદારોએ એનું જીવવું હરામ કરી દીધું હતું. બેંકના વ્યાજના હપ્તા ભરવાની ત્રેવડ નહોતી રહી.

એક દિવસ કંટાળીને, ઘરની બાજુના બગીચામાં બાંકડા પર બેસીને શું કરવું તે વિચારતો હતો. અચાનક એક પ્રતિભાશાળી વૃધ્ધ એની પાસે આવીને બેસી ગયા. એમના સૂટ-બૂટ-ટાઇ પરથી તે અતિ શ્રીમંત દેખાતાં હતા. પેલા બિઝનેશમેનને ઉદ્દેશીને બોલ્યા, "જેન્ટલમેન! તમે ચિંતામાં લાગો છો, શું વાત છે?"

પેલા બિઝનેશમેને દાદાની સામે જોયું અને વાત કરવા જેવું જણાતાં એણે એમને માંડીને વાંત કરી. દાદાએ થોડીવાર વિચાર કર્યો. આ માણસની આંખમાં આંખ. પરોવીને બોલ્યા, "હું કદાચ તમને મદદ કરી શકીશ, તમારું નામ જણાવશો?"

પેલાએ પોતાનું નામ કહ્યું એટલે દાદાએ ખિસ્સામાંથી ચેકબુક કાઢી, પેલા માણસના નામનો ચેક લખ્યો અને હાથમાં મૂકતાં બોલ્યાં, "બે ભાઇ, આ પૈસા તને કામ આવશે, તારી ચિંતાઓનો અંત લાવશે. પણ હા! મારી એક શરત છે. બરાબર એક વરસ પછી આ જ દિવસે સાંજે ચાર વાગે મને આ બગીચામાં મળવાનું અને ચેકની રકમ પાછી આપવાની. મારે વ્યાજ નથી જોઇતું, માત્ર રકમ પરત કરજે."

બિઝનેશમેન તો સ્તબ્ધ બની ગયો. ચેકની રકમ પૂરા પાંચ લાખ ડોલર હતી. અને ચેક નીચે સહી જોઇ ઠરી જ ગયો. સહી હતી - 'જોહ્ન ડી. રોકફેલર.' એ વખતનો સૌથી ધનિક માણસ. પેલો બિઝનેશમેન ભગવાનનો આભાર માની ઘૂંટણીયે પડી ગયો.

હવે રસ્તે ચાલતાં વિચાર્યું. શા માટે પોતાના પ્રયત્નોથી બિઝનેશ બચાવવા કોશિષ ના કરવી? તકલીફ પડે તો તગડી રકમનો ચેક ખિસ્સામાં છે જ! એવું વિચારી ચેક રાખી મૂખ્યો. જાત મહેનતથી નવા નવા વિચારો અજમાવી ધંધો નવેસરથી જમાવ્યો. ગજબો આત્મવિશ્વાસ અને ઉત્સાહ તેનામાં આવી ગયો. કંપનીની માર્કેટિંગ પોલિસી બદલી નાંખી. નવેસરથી મચી પડ્યો. અને ચમત્કાર! એ દેવામાંથી સંપૂર્ણ બહાર આવી ગયો. અને નવેક મહિનામાં તો બેઠો થઇ ગયો.

(અનુસંધાન પાના નં. ૬ પર)